પી.એચ.ડી.ના અભ્યાસક્રમમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને થિસીસ માટે આપવામાં આવતી સહાયમાં વધારો કરવા બાબત.

રૂ.૧૭.૫૦ લાખ

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૧/૫૧૪૫૩૪/ન.બા-૧૪/ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૧/૦૪/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો તા.૦૫/૧૨/૧૯૯૭નો ઠરાવ ક્રમાંક:પીએમએસ/૧૫૯૬/ન.બા-૫/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/3/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક: અજક/૧૩૦૭/૨૧૬૬/ગ

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૩૧/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક : અજાક/ગ-૧/૧/૨૦૨૧/૧૦૫૫-૫૬

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના સમાજ કલ્યાણ વિભાગના તા.૦૫/૧૨/૧૯૯૭ના ઠરાવથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પી.એચ.ડીના અભ્યાસક્રમ માટે થિસીસ લખવા તથા ટાઈપ કરાવવા માટે માસિક રૂ.૨૫૦૦/-(૧૦ માસ માટે) લેખે સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૨૮/૦૩/૨૦૦૮ના ઠરાવથી સહાયની રકમ વધારીને માસિક રૂ.૩૦૦૦/- (૧૦ માસ માટે) આપવાનું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા આ યોજનાની સહાયમાં વધારો કરવાની વર્ષ ૨૦૨૨-૨૩ માટેની નવી બાબત રજૂ કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ચાલુ બાબત તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પી.એચ.ડીના અભ્યાસક્રમ માટે થિસીસ તૈયાર કરવા માટે સહાયની યોજનામાં હાલમાં આપવામાં આવતી માસિક સહાય રૂ.૩૦૦૦/- (૧૦ માસ માટે) વધારીને માસિક રૂ.૧૦,૦૦૦/-(૧૦ માસ માટે) એમ કુલ રૂ.૧,૦૦,૦૦૦/-ની સહાય આપવા અંગેની વર્ષ ૨૦૨૨-૨૩ માટેની રૂ.૧૭.૫૦ લાખની ચાલુ બાબતને નીચેની શરતોને આધિન વિભાગની બજેટ જોગવાઈની મર્યાદામાં આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં મંજૂર થયેલ નવી બાબત/રજૂ કરેલ વ્યક્તિગત લાભને લગત હોય તેવી નવી બાબત જે ચાલુ બાબત તરીકે અંદાજપત્રમાં સમાવવાની શરતે મંજૂર કરવામાં આવેલ હોઈ, તે યોજનાઓ પૈકી શૈક્ષણિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ બાબતોની અમલવારી નવા શૈક્ષણિક સત્ર ચાલુ થયેથી કરવાની રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ યોજનાને C.M. Dash Board સાથે Link કરવાની રહેશે.

(૧૦) સોશિયો ઇકોનોમિક ઇમ્પેક્ટ ઇવેલ્યુએશન / એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૧૧) યોજનામાં લાભાર્થીને આપવામાં આવતા લાભ માટે DBT પધ્ધતિ અનુસરવાની રહેશે.

(૧૨) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૩) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૧૪) ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૧૫) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૬) સહાયના સુધારેલ દર નવા શૈક્ષણિક સત્રથી અમલવારી કરવાની રહેશે.

(૧૭) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૮) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્ર માંગણી ક્રમાંક : ૯૫, મુખ્ય સદર : ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર : ૦૧-અનુજાતિનુ કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭-શિક્ષણ, પેટા સદર : SCW-6 (BCK 11) અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને એમ.ફીલ/પી.એચ.ડી.ના થીસીસ લખવા છપાવવાના ખર્ચને પહોંચી વળવા માટે સહાયમાં વધારો કરવા બાબત હેઠળ કરવામાં આવેલ જોગવાઇ માંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૫/૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા. અને અ.વિ. સચિવાલય, ગાંધીનગર

- અગ્ર સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.અને અધિકારિતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કોમપ્યુટર સેલ) સા.ન્યા. અને અ.વિ. , સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૨